### પેટલાદ નગરપાલિકાના દિશાહીન વહીવટને કારણે પાલિકાની કંગાળ સ્થિતી બની : આજથી વહીવટદાર શાસન અમલી શરૂ

# પેટલાદ પાલિકામાં 5 વર્ષના શાસનમાં આર્થીક સ્થિતિ કથળી

**પાલિકાના 5 વર્ષના શાસનમાં 140 કરોડમાં પગાર પાછળ જ 40 કરોડનો જંગી ખર્ચ થયો**

(પ્રતિનિધિ) પેટલાદ તા.16

પેટલાદ પાલિકામાં ભાજપ શાસિત સત્તા કાર્યરત હતી. જેને આજે પાંચ વર્ષ પૂર્ણ થતાં વહીટદાર શાસનનો પ્રારંભ થયો છે. આ પાંચ વર્ષ દરમ્યાન સરકાર દ્વારા વિવિધ ગ્રાન્ટો થકી પાલિકાને આશરે 105 કરોડ મળ્યા હતા. જ્યારે સ્વભંડોળ ખાતે લગભગ 35 કરોડ જેટલી આવક પાલિકાને થઈ હતી. આમ પાંચ વર્ષ દરમ્યાન સત્તાધિશોએ કુલ 140 કરોડનો વહીવટ કર્યો હોવાનું જાણવા મળે છે. પરંતુ પાલિકા દ્વારા દિશાહીન વહીવટને કારણે આજે પણ શહેરની ભારે દુર્દશા જોવા મળી રહી છે. શહેરમાં એક માત્ર રાધાઘાટ સિવાય એકપણ વિકાસલક્ષી કામ નગરજનોને મળ્યું નહીં હોવાની વાત ચર્ચાસ્પદ બની છે.

પેટલાદ નગરપાલિકાની ચુંટણી ફેબ્રુઆરી 2021 માં યોજાઈ હતી. જેમાં ભાજપને સ્પષ્ટ બહુમત સાથે 22 બેઠકો મળી હતી. પ્રથમ ટર્મમાં મહિલા પ્રમુખ ગીતાબેન પટેલે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. તેઓના કાર્યકાળ દરમ્યાન વર્ષ 2021-22 માં પાલિકાને 9.43 કરોડ, વર્ષ 2022-23 માં 18.25 કરોડ અને વર્ષ 2023-24 માં 18.70 કરોડની વિવિધ ગ્રાન્ટો પાલિકાને મળી હતી. તત્કાલિન પ્રમુખ ગીતાબેન પટેલની પ્રથમ ટર્મ પૂર્ણ થતાં બીજી ટર્મમાં પ્રમુખ તરીકે જીજ્ઞેશ જોષીએ પદભાર સંભાળ્યો હતો. તેઓના સમય દરમ્યાન પાલિકાને વર્ષ 2024-25 માં 21.49 કરોડ, અને વર્ષ 2025-26 માં 36.77 કરોડની ગ્રાન્ટો પાલિકાને મળી હતી. આમ ભાજપ શાસિત પેટલાદ નગરપાલિકાને 5 વર્ષ દરમ્યાન 104.64 કરોડની જુદી જુદી ગ્રાન્ટો સરકાર તરફથી વિકાસના કામો કરવા માટે મળી હતી.

પેટલાદ નગરપાલિકાને ગ્રાન્ટો ઉપરાંત જુદા જુદા કરવેરા, ઈમારતી ભાડાં, બજાર ભાડાં, વિવિધ ફી વગેરે જેવી આવક થતી હોય છે, જે સ્વભંડોળ તરીકે ગણાય છે. દર વર્ષે પેટલાદ પાલિકાને આવા સ્વભંડોળની અંદાજીત 7 કરોડ જેટલી આવક થતી હોય છે. એટલે કે પાલિકાને ગત 5 વર્ષ દરમ્યાન કુલ 35 કરોડ જેટલી આવક સ્વભંડોળમાં થઈ હતી. આમ 5 વર્ષમાં કુલ 140 કરોડનો વહીવટ કર્યો છે.

આ બંન્ને પ્રમુખો દ્વારા વિકાસના કામો ખૂબ મોટા પ્રમાણમાં કર્યા હોવાની બૂમરાણ મચાવે છે. પરંતુ 5 વર્ષની કુલ 140 કરોડની આવકમાંથી 40 કરોડ જેટલી રકમ કાયમી અને હંગામી કર્મચારીઓના પગાર પાછળ ખર્ચ થયો હોવાનો અંદાજ છે. ઉપરાંત સેનેટરી વિભાગમાં કચરો ઉઠાવવો, પટ્રોલ, ઓઈલ, મેઈન્ટેનન્સ, વગેરે પાછળ 5 વર્ષમાં લગભગ 10 કરોડનો ધુમાડો થયો છે. છતાં શહેરમાં ઠેરઠેર ઉભરાતી ગટરો અને કચરાના ઢગલા રોજેરોજ જોવા મળી રહ્યા છે. તેવી જ રીતે વોટર વર્કસ વિભાગમાં લાઈટ બીલ, મેઈન્ટેનન્સ વગેરે પાછળ આશરે 8.75 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. છતાં પાલિકાને વોટર વર્કસનું લાઈટ બીલ ભરવા સરકાર પાસેથી 8 કરોડ જેટલી જંગી રકમની લોન લેવાની ફરજ પડી હતી, જેના સમયસર હપ્તા પણ ભરાતા નથી. પાલિકાને સ્ટ્રીટ લાઈટોનું બીલ દર વર્ષે લગભગ 20 લાખ જેટલું આવે છે, એટલે ગત 5 વર્ષ દરમ્યાન સ્ટ્રીટ લાઈટના બીલ પેટે પાલિકાએ અંદાજીત રૂપિયા એક કરોડ જેટલી રકમ ખર્ચ કરી છે. આટલું જાણે કે અપુરતું હોય તેમ શહેરમાં તાજેતરમાં આઉટ ગ્રોથની 4.62 કરોડની ગ્રાન્ટમાંથી 700 જેટલા વીજપોલ LED લાઈટો સાથે નાખવામાં આવ્યા હતા. જેથી આગામી મહિનાથી પાલિકાના માથે સ્ટ્રીટ લાઈટોના બીલોનું ભારણ ચોક્કસપણે વધવાનું છે.

આવા રઘવાયા અને અણઘડ નિર્ણયોને પૂર્વ પ્રમુખ જીજ્ઞેશ જોષી વિકાસ ગણાવતા હોય છે. આમ સરવાળે આંકડાકીય માહિતી ઉપર નજર કરીએ તો ગત 5 વર્ષ દરમ્યાન સ્વભંડોળ અને ગ્રાન્ટોની કુલ આવક 140 કરોડ સામે પગાર, સેનેટરી, વટર વર્કસ અને સ્ટ્રીટ લાઈટ પાછળ જ લગભગ 60 કરોડ જેટલો ખર્ચ થયો હોવાનો અંદાજ છે. જ્યારે બાકી રહેલ 80 કરોડમાંથી રાધાઘાટ, ટાઉનહોલ, ધોબીકુંડ, આઈકોનીક રોડ, શેઠ નારણદાસની પ્રતિમા અને બ્યુટીફીકેશન, ગાર્ડન, હાઈમાસ્ટ લાઈટ, આંબેડકર ભવન, સીસી રોડ, ડામર રોડ વગેરે પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરમાં ગત પાંચ વર્ષ દરમ્યાન માત્ર રાધાઘાટ અને એનકે હાઈસ્કુલ બહારના બ્યુટીફિકેશન સિવાય એક પણ વિકાસ લક્ષી કામ નગરજનોને મળ્યું નહીં હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

### દિશાહીન વહીવટ ચાલ્યો હોવાનો છુપો ગણગણાટ

પેટલાદ પાલિકામાં ગત પાંચ વર્ષ દરમ્યાન દિશાહીન વહીવટ ચાલ્યો હોવાનો છુપો ગણગણાટ નગરજનોમાં શરૂ થયો છે. આગામી ટુંકા સમયમાં પાલિકાની સામાન્ય ચુંટણીઓ યોજાવાની છે, ત્યારે ગત પાંચ વર્ષના લેખાંજોખાં મુકવાની નગરજનોએ શરૂઆત કરી દીધી છે. તેમાંય છેલ્લા અઢી વર્ષ દરમ્યાન અંધાધુંધ નિર્ણયો લઈ સરકારની ગ્રાન્ટોનો પ્રમુખ અને ચીફ ઓફીસરે બેફામ વેડફાટ કર્યો હોવાની વાત ચર્ચાસ્પદ છે. જેને કારણે જ આજે આખું શહેર અસંખ્ય ખાડાઓની વચ્ચે છે. તેમાંય પ્રમુખ અને ચીફ ઓફીસરે છેલ્લા એક વર્ષ દરમ્યાન રઘવાયા બની આડેધડ નિર્ણયો લઈ ઠેરઠેર કામો તો શરૂ કરી દીધા, પરંતુ મોટાભાગના કામો આજે પણ અધુરા જોવા મળે છે. જેને કારણે નગરજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

### 35 સીસીટીવી ફૂટેજની તપાસ - ટેક્નિકલ સર્વેલન્સ દ્વારા ગેંગ પકડાઇ

# કપડવંજમાં બિસ્કીટ ખવડાવી બકરા ચોરતી ગેંગ પકડાઈ

**પોલીસે સ્વીફ્ટ ગાડી સાથે 4 શખસને પકડી પાડ્યાં**



(પ્રતિનિધિ) કપડવંજ તા.16

કપડવંજ ટાઉન પોલીસ ટીમે બકરા ચોરી કરતી ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત ચાર આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડીને પ્રસંશનીય કામગીરી કરી છે. આરોપીઓ પાસેથી ચોરી કરેલા 8 બકરા અને ચોરીમાં વપરાતી સ્વીફ્ટ ગાડી મળી કુલ રૂ. 3,80,000નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

કપડવંજની અલ-મદીના સોસાયટીમાં રહેતા સલીમભાઈ સબીરભાઈ ખલીફાના આશરે રૂ. 1,00,000ની કિંમતના કુલ 10 બકરા-બકરીઓની ચોરી અંગે ગત 11 માર્ચના રોજ ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસ અધિક્ષક વિજય પટેલ અને નાયબ પોલીસ અધિક્ષક વી.એન. સોલંકીની સૂચના મુજબ, પોલીસ ઈન્સ્પેક્ટર જે.ડી. દેવડાએ અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન શહેરના અલગ-અલગ વિસ્તારોના 35 જેટલા સીસીટીવી ફૂટેજની સ્કુટીની કરતા એક સફેદ સ્વીફ્ટ ગાડીની શંકાસ્પદ હિલચાલ જણાઈ હતી. હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી પોલીસે નાકાબંધી કરી આ ગાડીમાં સવાર ચાર આરોપીઓ - અજય ઉર્ફે ભૂરિયો (નડીયાદ), હસમુખ ઉર્ફે લાંબો (જંબુસર), ભોગીલાલ ઉર્ફે ભોગી (કઠલાલ) અને દીપક ઉર્ફે દોતો (નડીયાદ) ને ઝડપી પાડ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં આ ગેંગ ફોર-વ્હીલ ગાડી લઈ ગલી-મહોલ્લામાં છૂટા ફરતા બકરાઓને બિસ્કીટ ખવડાવી ગાડી નજીક બોલાવતા અને બકરા ગાડી પાસે આવતા જ તેમને અંદર ભરીને નાસી છૂટતા હતા. આરોપીઓએ કબૂલાત કરતા પોલીસે 8 બકરા અને સ્વીફ્ટ ગાડી જપ્ત કરી ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

# વાઘાવતગામનાગૌચરમાંથી 4.04 લાખનો દારૂ ઝડપાયો

**આતરસુબા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી એક શખ્સને દબોચ્યો**

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

કપડવંજ તાલુકાના વાઘાવત ગામે આતરસુબા પોલીસે સીમ વિસ્તારમાં દરોડો પાડી ગૌચરની જમીનમાં છુપાવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે કુલ 4.04 લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એક શખ્સની ધરપકડ કરી છે.

આતરસુબા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે વાઘાવત ગામના મહેન્દ્રકુમાર ઉર્ફે ચીનો જવાનસિંહ સોલંકીએ પોતાના ઘર પાસેની ગૌચરની જમીનમાં દારૂ સંતાડ્યો છે. પોલીસે પંચો સાથે દરોડો પાડતા સ્થળ પરથી રોયલ ચેલેન્જ, રોયલ સ્ટેગ, વ્હાઈટ લેસ વોડકા અને બીયરના ટીન સહિત અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને ક્વાટરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી 3,99,690ની કિંમતનો દારૂ, મોબાઈલ અને રોકડ મળી કુલ 4,04,810નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપી મહેન્દ્રકુમાર સોલંકીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આ જથ્થો કાકરખાંડ ગામના પરેશ રસિકભાઈ શર્માએ બે દિવસ પહેલા તેને સાચવવા આપ્યો હતો. પોલીસે બંને વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી ફરાર પરેશ શર્માને પકડવા વિવિધ દિશામાં તજવીજ હાથ ધરી છે.

# મહિસાગરમાં 'નલ સે જલ' યોજનામાં કોન્ટ્રાક્ટરની ધરપકડ

**સીઆઈડીએ અત્યાર સુધી 25 આરોપીને દબોચ્યા**

(પ્રતિનિધિ) સંતરામપુર તા.16

મહિસાગર જિલ્લામાં ગ્રામીણ જનતા માટેની મહત્વકાંક્ષી 'નલ સે જલ' યોજનામાં સરકારી અધિકારીઓ, ઠેકેદારો અને સ્થાનિક તલાટીઓની મિલીભગતથી થયેલા રૂ. ૧૨૩ કરોડના આર્થિક ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. આ મામલે વડોદરા ઝોન સીઆઈડીએ તપાસનો ધમધમાટ તેજ કરી અત્યાર સુધીમાં 25 જેટલા કર્મચારીઓ અને ઠેકેદારોની ધરપકડ કરી છે.

મહિસાગર જિલ્લામાં વાસમોના તત્કાલીન અધિકારીઓ, કર્મચારીઓ અને ઠેકેદારોએ પાણી સમિતિઓ અને તલાટીઓ સાથે મળીને સરકારની લોક કલ્યાણકારી યોજનાના નાણાંમાં મોટી ઉચાપત આચરી છે. પ્લાન અને એસ્ટિમેટ મુજબ કામગીરી ન કરીને રૂ. 123 કરોડના સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની હકીકત બહાર આવતા વડોદરા સીઆઈડીમાં ગુનો નોંધાયો હતો. આ તપાસ દરમિયાન સીઆઈડીએ તાજેતરમાં જ કૌભાંડમાં સંડોવાયેલા અને નાસતા-ફરતા ઠેકેદાર પ્રમોદ સોલંકીની ગોધરા ખાતેથી ધરપકડ કરી છે, જેને પગલે અન્ય સંડોવાયેલા શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

### 12.27 લાખની વસૂલાતનો આદેશ

કડાણા તાલુકાના લપાણીયા ગામમાં પણ આ યોજના હેઠળ થયેલા કામોમાં વ્યાપક ગેરરીતિઓ પકડાઈ છે. લપાણીયા ગામમાં નલ સે જલ યોજનાના કામ માટે અંદાજે રૂ. 41.91 લાખની મંજૂરી મળી હતી, જેનું ટેન્ડર ઠેકેદાર એ.એલ. પટેલને આપવામાં આવ્યું હતું. જોકે, તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ઠેકેદારે પ્લાન મુજબ કામગીરી કરી ન હતી. આ તપાસમાં પાઈપોની ઓછી ઊંડાઈ, ખોટા બિલો રજૂ કરવા અને અધૂરી કામગીરી જેવી ગંભીર ક્ષતિઓ જણાઈ આવી હતી. આ મામલે કડક વલણ અપનાવતા વાસમો કચેરી મહીસાગર દ્વારા ઠેકેદાર એ.એલ. પટેલને રૂ. 12,27,691.96ની રકમ વસૂલાત પેટે ભરવા કાયદેસરનો આદેશ કરવામાં આવ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### પેટલાદની આર.સી. મિશન પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની કેટ પરીક્ષામાં ઝળકી



**પેટલાદ |** ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાયેલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં 5.89 લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પેટલાદની આર.સી. મિશન પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની ગ્રીષ્મા રોબિનકુમાર મેકવાને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ગ્રીષ્માએ સમગ્ર પેટલાદ તાલુકામાં પ્રથમ અને આણંદ જિલ્લામાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરી પરિવાર તથા શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઝળહળતી સફળતા બદલ શાળાના આચાર્ય, મેનેજર અને સમગ્ર શિક્ષકગણ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### આણંદ કૃષિ યુનિવર્સિટીમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ભવ્ય ઉજવણી



**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીની ફૂડ પ્રોસેસિંગ કોલેજના જેન્ડર સેલ દ્વારા મહિલા દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં 115 વિદ્યાર્થિનીઓ અને મહિલા સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે નિષ્ણાંતો દ્વારા 'ઇમોશનલ ઇન્ટેલિજન્સ' અને નાયબ પોલીસ અધિક્ષક રિદ્ધિ ગુપ્તે દ્વારા 'સાયબર સિક્યુરિટી' જેવા મહત્વના વિષયો પર સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વંદના પરમારની શાયરીઓએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. જેનું આયોજન કોલેજના ડીન અને વિવિધ વિભાગીય વડાઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની વહેરાખાડી પ્રાથમિક શાળામાં 'આજની નારી' વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઇ



**આણંદ |** આણંદના પ્રસિદ્ધ યાત્રાધામ વહેરાખાડીની પ્રાથમિક શાળામાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વિદ્યાર્થિનીઓ અને શિક્ષિકાઓ માટે 'આજની નારી' વિષય પર વિશેષ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સહભાગીઓએ નારીના વિવિધ સ્વરૂપો જેવા કે અભ્યાસ કરતી બાળકી, દુર્ગા અવતાર અને આધુનિક નારીના પડકારોને કેન્વાસ પર ખૂબ જ સુંદર રીતે કંડાર્યા હતા. વિદ્યાર્થિનીઓએ પોતાના ચિત્રો દ્વારા મહિલાઓના સામાજિક સ્થાન અને સન્માનની જરૂરિયાત વિશેના વિચારો અને પોતાનું હુન્નર પ્રભાવશાળી રીતે રજૂ કર્યું હતું. આ કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતાઓને શાળાના આચાર્ય દિલીપભાઈ તથા મારિયાબેન દ્વારા ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

### ઠાસરામાં ઉમરેઠ ડિનરી દ્વારા સિનિયર સિટીઝન સંમેલન યોજાયું




**ઠાસરા |** ઠાસરા ખાતે ઉમરેઠ ડિનરી દ્વારા આયોજિત 'સિનિયર સિટીઝન' સંમેલનમાં 8 પેરિસના વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ફાધર જોન પીટરના માર્ગદર્શન હેઠળ શૈલેષ રાઠોડ અને ડો. પ્રીતિ રાઠોડ દ્વારા આરોગ્ય જાગૃતિ તથા સરકારી યોજનાઓનું ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડીલોનું સન્માન કરી તેમના અનુભવને સમાજની મૂડી ગણાવી ધર્મ-કર્મનો સમન્વય સાધવા પર ભાર મૂકાયો હતો. આ કાર્યક્રમના અંતે વિવિધ યોજનાઓના ફોર્મ ભરવામાં આવ્યા હતા અને કાયમી માર્ગદર્શન માટે સલાહકારની નિમણૂક કરવામાં આવી હતી.

### કપડવંજ તાલુકાના આંત્રોલી જિલ્લા પંચાયતની બેઠક કોસમ ખાતે મળી



**કપડવંજ |** કપડવંજ તાલુકાના આંત્રોલી જિલ્લા પંચાયતની બેઠક કોસમ ખાતે ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા તેમજ સમગ્ર જિલ્લા પંચાયત બેઠક વિસ્તારના અગ્રણી આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

### કરમસદની ભાઈકાકા યુનિવર્સિટી ખાતે વાર્ષિક મહોત્સવ 'તરંગ'ની ભવ્ય ઉજવણી કરાઇ




**આણંદ |** ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ ખાતે યુથ ઈન એક્શનઃ ફીટનેસ, કલ્ચર એન્ડ નેશન થીમ હેઠળ પાંચ દિવસીય વાર્ષિક રમતગમત અને સાંસ્કૃતિક મહોત્સવ 'તરંગ-2026'નું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી દ્વારા ઉદ્ઘાટિત આ મહોત્સવમાં ટોર્ચ રન, 100 મીટર દોડ અને આકાશમાં બલૂન છોડીને વિવિધ સ્પર્ધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સાયન્સીસ એન્ડ જી.એચ. પટેલ સ્કૂલ ઓફ નર્સિંગની ટીમે ચેમ્પિયનશીપ ટ્રોફી પોતાના નામે કરી હતી.

### આણંદની એન. એસ. પટેલ આટ્ર્સ કોલેજનો 55મો વાર્ષિકોત્સવ અને સન્માન સમારંભ યોજાયો



**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આ કોલેજમાં સાંસદ ડો. હેમાંગ જોષી અને મિતેશભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે 38 વર્ષની સેવા આપનાર પ્રોફેસર બી. બી. વાઘેલાનું વિશેષ સન્માન કરાયું અને મેનેજિંગ ટ્રસ્ટી ડો. બી. એન. પટેલે વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવી હતી. વર્ષ દરમિયાન સ્પોટ્ર્સ, NCC અને NSS જેવી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે મેડલ તથા પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક આશીર્વચન પાઠવ્યાં હતાં.

### ચાંગાની ચારૂસેટ યુનિવર્સિટીમાં નેશનલ સાયન્સ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**આણંદ |** ચારૂસેટ સંલગ્ન પી. ડી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સાયન્સિસમાં સર સી. વી. રામનની રામન અસરની શોધની સ્મૃતિમાં નેશનલ સાયન્સ ડે નિમિત્તે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ પ્રસંગે સંસ્થાના ડીન ડો. ગાયત્રી દવે અને પ્રિન્સીપાલ ડો. અભિષેક દઢાણિયાના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાનના વિવિધ વિભાગોના B.Sc. અને M.Sc.ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સાયન્ટિફિક રંગોળી, સાય-રીલ, ક્વિઝ અને સાય-ઓપિનિયન જેવી સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની વૈજ્ઞાનિક વિચારસરણી અને સર્જનાત્મકતાનો સમન્વય રજૂ કર્યો હતો.

### આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં સામાજિક વિજ્ઞાન પ્રદર્શન યોજાયું




**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયના ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિદ્યાર્થિનીઓ દ્વારા સામાજિક વિજ્ઞાન પ્રદર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલા 30 ચાર્ટ અને 11 મોડલ ખૂબ જ ઉત્સાહપૂર્વક રજૂ કર્યાં હતાં. આ પ્રદર્શનની મુલાકાત આચાર્યા નિરાલીબેન, સુપરવાઇઝર અમિતભાઈ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશદાદાએ લીધી હતી. મહાનુભાવોએ વિદ્યાર્થિનીઓની આ સર્જનાત્મક કૃતિઓને નિહાળીને તેમના પ્રયાસોને બિરદાવ્યા હતા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### આણંદની ડી.એન. ઇન્સ્ટિટ્યૂટ ખાતે સ્ટાર્ટઅપ અને લીગલ ફ્રેમવર્ક પર ગેસ્ટ લેક્ચર યોજાયું




**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલીત શ્રી ડી.એન. ઇન્સ્ટિટ્યૂટ ખાતે એસ.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટઅપના કાનૂની પાયા અને રજિસ્ટ્રેશન વિષય પર વિશેષ ગેસ્ટ લેક્ચર યોજાયું હતું. મુખ્ય વક્તા સી.એસ. મિતુલ સુથારે બિઝનેસ આઈડિયાના અમલીકરણથી લઈ કંપની રજિસ્ટ્રેશન અને ગવર્નન્સની વ્યૂહરચનાઓ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. નીરવ મહેતાના માર્ગદર્શન હેઠળ ડો. જેનિતા પટેલ અને બેનિતા ઓવેલ દ્વારા આ સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

### મહેમદાવાદની 170 પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે બ્લુટુથ સ્પીકર ફાળવાયા



**મહેમદાવાદ |** મહેમદાવાદ તાલુકાની તમામ 170 સરકારી અને આશ્રમ શાળાઓમાં SSA દ્વારા બાળકોને બાળગીત અને વાર્તા સાંભળવા બ્લુટુથ સ્પીકર અપાયા છે. આ સુવિધાથી બાલ વાટિકા અને ધોરણ 1-2ના બાળકો નવી ટેકનોલોજી સાથે રસપ્રદ રીતે ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકશે. શિક્ષણ ક્ષેત્રે આ આધુનિક સાધનોની ફાળવણી કરવા બદલ સમગ્ર તાલુકા શિક્ષણ પરિવારે સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.